રાજ્યમાં ધો-૧૦નું ૬૪.૨૨ ટકા પરિણામ

ગત વર્ષ કરતા ૧.૩ ટકા વધુ પરિણામ આવ્યું : સુરત જિલ્લાનું સૌથી વધુ ૭૫ ટકા, દાહોદ જિલ્લાનું સૌથી ઓછું પરિણામ, સમગ્ર રાજ્યમાંથી ૯.૫૬ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી

અમદાવાદ, તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સવારે ૮ વાગ્યે જાહેર થઈ ગયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૧૪ માર્ચથી ૨૮ માર્ચ દરમિયાન ધોરણ-૧૦ની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં સમગ્ર રાજ્યના ૯.૫૬ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાનું ૬૪.૨૨ % પરિણામ જાહેર કરાયું છે. ધોરણ ૧૦ની પરીક્ષા સમગ્ર રાજ્યના ૯૫૮ કેન્દ્રોમાં લેવામાં આવેલી તેમાં બનાસકાંઠા જિલ્લાનું કુંભારિયા કેન્દ્ર ૯૫.૯૨ ટકા પરિણામ મેળવીને મોખરે રહ્યું છે. જ્યારે નર્મદા જિલ્લાનું ઉતાવળી કેન્દ્ર ૧૧.૯૪ ટકા મેળવી સૌથી છેલ્લે રહેલો છે. સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો સુરત રહ્યો છે. અહીં ૭૬.૪૫ ટકા પરિણામ આવ્યું છે. સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર બનાસકાંઠા જિલ્લાનું કુંભારિયા કેન્દ્ર- ૯૫.૯૨%, સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર નર્મદા જિલ્લાનું ઉતાવળી કેન્દ્ર- ૧૧.૯૪%, સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો સુરત- ૭૬.૪૫%, સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો દાહોદ- ૪૦.૭૫%, ૧૦૦ ટકા પરિણામ ધરાવતી સ્કૂલ- ૨૭૨, ૩૦% કરતા ઓછુ પરિણમ ધરાવતી સ્કૂલ- ૧૦૮૪, ગ્રેડ મુજબ આંકડા પર નજર કરીએ તો ૬૧૧૧ વિદ્યાર્થીઓને A૧ ગ્રેડ, ૪૪૪૮૦ વિદ્યાર્થીઓને A-૨ ગ્રેડ, ૮૬૬૧૧ વિદ્યાર્થીઓને B-૧ ગ્રેડ, ૧૨૭૬૫૨ વિદ્યાર્થીઓને B-૨ ગ્રેડ, ૧૩૯૨૪૮ વિદ્યાર્થીઓને C-૧ ગ્રેડ, ૬૭૩૭૩ વિદ્યાર્થીઓને C-૨ ગ્રેડ, ૩૪૧૨ વિદ્યાર્થીઓને D જ્યારે ૬ વિદ્યાર્થીને E-૧ ગ્રેડ આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, પરીક્ષા આપનાર ૯. ૫૬ લાખ વિદ્યાર્થીઓમાં ૭. ૪૧ લાખ રેગ્યુલર વિદ્યાર્થીઓ, ૧૧,૦૦૦ પ્રાઈવેટ વિદ્યાર્થીઓ, ૫,૦૦૦ ખાનગી રીપિટર વિદ્યાર્થીઓ, ૧. ૬૫ લાખ રીપિટર વિદ્યાર્થીઓ, ૩૩,૦૦૦ આઈસોલેટેડ વિદ્યાર્થીઓ અને ૪,૦૦૦ દિવ્યાંગ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. રાજ્યભરના ૮૩ ઝોનમાં ૩૧,૮૧૯ બ્લોકમાં ૯૫૮ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી હતી. બે દિવસ પહેલા બોર્ડ દ્વારા પરિણામની તારીખ અને સમયની સત્તાવાર જાહેર કરવામાં આવી હતી. તે સમયે બોર્ડે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના ગુણપત્રક અને એસઆર નકલ શાળાવાર મોકલવા અંગેની વિગતવાર સૂચનાઓ હવે પછીથી કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણ ચકાસણી અને દફતર ચકાસણીની સૂચનાઓ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવશે. ગુણ ચકાસણીની અરજી ઓનલાઈન કરવાની રહેશે. પરિણામ બાદ નામ સુધારાની દરખાસ્ત નિયત નમૂનામાં કરવાની રહેશે.

પૂરક પરીક્ષા-૨૦૨૩ની પાત્રતા ધરાવતા ઉમેદવારોની યાદી શાળાઓને પરિણામ સાથે મોકલી આપવામાં આવશે. પૂરક પરીક્ષાના આવેદનપત્ર ઓનલાઈન ભરવાની સૂચના હવે પછીથી આપવામાં આવશે, જેની શાળાના આચાર્યો, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી એવું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

અકસ્માતમાં મૃત્યુ પામેલા ધો.૧૦ના વિદ્યાર્થીએ શહેરમાં ટોપ કર્યુ

ખેડબ્રહ્મા, તા.૨૫

ખેડબ્રહ્મામાં ગુરૂવારે જાહેર થયેલા ધો.૧૦ના પરિણામમાં શિવમ પ્રજાપતિએ ૯૮.૯૦ ટકા પર્સન્ટાઈલ સાથે ૮૯.૩૩ ટકા મેળવ્યા છે. શિવમ પ્રજાપતિ તેની સ્કૂલમાં પ્રથમ ક્રમાંકે અને સેન્ટરમાં ત્રીજા ક્રમાંકે પાસ થયો છે. વિધિની વક્રતા એવી કે, પ્રથમ ક્રમાંકે પાસ થયેલો શિવમ હાલ ખુદ પોતાના પરિણામને જોવા આ દુનિયામાં નથી.હીટ એન્ડ રનની ઘટના વિશે વાત કરીએ તો, દ્વાર્કેશ સોસાયટી રોડ નંબર ૧ ખાતે રહેતા પારસભાઈ પ્રજાપતિ તેમના પત્ની દર્શનાબેન અને પુત્ર શિવમ સાથે રવિવારે રાતે ૧૦ વાગ્યાની આસપાસ બાઈક પર હાઈવે સ્થિત પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ભરાવવા ગયા હતા. ત્યાંથી પરત ઘરે ફરતી વખતે હાઈવે પર પાછળથી ફૂલ સ્પીડમાં આવતી કારના ચાલકે ટક્કર મારતા બાઈક પર સવાર ત્રણેય રોડ પર પટકાયા હતા. બનાવને પગલે આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ત્રણેયને ગંભીર હાલતમાં એમ્બુલન્સ મારફતે ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જ્યાં દર્શનાબેન અને તેમના પુત્રનું મોત થયું હતું. જ્યારે પારસભાઈની હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે પહેલા ઈડરની ખાનગી હોસ્પિટલ અને પછી અમદાવાદ ખસેડવામાં આવ્યા છે. હાલ પારસભાઈની હાલત ગંભીર છે તેઓ અમદાવાદની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.આજે મૃત્યુ પામેલા શિવમ પ્રજાપતિએ સમગ્ર ખેડબ્રહ્મા શહેરમાં પ્રથમ ક્રમાંક કે પાસ થતા સ્થાનિકો સહિત પરિવારજનોમાં પણ શોકનો માહોલ સર્જાયો છે. પોલીસે સમગ્ર બનાવમાં ચોક્કસ કામગીરી ન કરતા પરિવારજનો સહિત સ્થાનિકોમાં રોષ વ્યાપ્યો છે. વાહન અથડાવી શખ્સ ત્યાંથી ફરાર થઈ ગયો છે.

૨૮-૨૯મી મેએ વરસાદની આગાહી

ગુજરાતમાં ગરમીને લીધે લોકો ત્રાહિમામ પોકારી ગયા : રાજકોટ, અમરેલી, ભાવનગર, પોરબંદર, પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરામાં વરસાદ પડશે

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં ગરમીને લીધે લોકો ત્રાહિમામ પોકારી ગયાં છે. અમદાવાદ સહિતના શહેરોમાં ૪૩ ડિગ્રી કરતા વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે. ગરમીને કારણે લોકોને લૂ લાગવાના બનાવો પણ નોંધાઈ રહ્યાં છે. હવે હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે રાજ્યમાં આજથી ગરમીથી રાહત મળશે. શુક્રવારે ભારે પવન ફૂંકાય તેવી પણ આગાહી કરવામાં આવી છે. બીજી બાજુ એક હવામાન નિષ્ણાંતે જૂનના પ્રથમ સપ્તાહમાં વાવાઝોડાની આગાહી કરી છે. અરબ સાગરમાં સક્રિય થઈ શકે છે વાવાઝોડુ જેના કારણે સૌરાષ્ટ્રમાં વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગ પ્રમાણે ગુજરાતમાં આજથી ગરમીથી લોકોને રાહત મળી શકે છે. તાપમાનમાં પણ બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે. બીજી બાજુ હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. આગામી ૨૮ અને ૨૯મી મેના રોજ વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને રાજકોટ, અમરેલી, ભાવનગર, પોરબંદર, પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, આણંદ અને ભરૂચમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. દરિયામાં સિસ્ટમ સક્રિય થઈ રહી હોવાથી દરિયાકાંઠે તથા આસપાસના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે. દરિયામાં માછીમારી કરવા જનારા માછીમારોને પણ ત્રણ દિવસ દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી છે. સ્થાનિક હવામાન વિભાગ પ્રમાણે સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના વિસ્તારોમાં પવન ફૂંકાઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાજ્યના દરિયાકાંઠે ભારે પવન ફૂંકાઈ શકે છે આ માટે એલર્ટ પણ આપવામાં આવ્યું છે. ૨૬ મેના રોજ ગુજરાતમાં ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. દરિયાકાંઠા વિસ્તારમાં ૬૫કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાશે. દેશના કેટલા રાજ્યમાં હવામાન વિભાગે ગાજવીજ સાથે વરસાદનું પણ એલર્ટ જારી કર્યું છે હિમાચલમાં આંધી કરાવૃષ્ટિ અને ભારે પવન ફૂંકાવાની આગાહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હિમાલય ક્ષેત્રના હવામાનમાં પલટો આવ્યો છે. જ્યારે દિલ્હી સહિત ઉત્તર ભારતમાં હળવાથી મધ્યમ વરસાદથી સંભાવના છે. આ દરમિયાન ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

ગુજરાત ગેસ કંપનીએ ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતોમાં કર્યો ઘટાડો

અમદાવાદ, તા.૨૫

ગુજરાત ગેસ દ્વારા પોતાના ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડો ૧ જૂનથી લાગુ પડશે. સૂત્રો અનુસાર કંપનીએ ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો ઘટાડીને ૩૮.૪૩/SCM કરી દીધી છે. હાલમાં ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો ૪૦.૬૨/SCM છે. ૨૦૨૩માં ગુજરાત ગેસ દ્વારા આ પાંચમીવાર કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૨૩ની શરુઆતમાં ગુજરાત ગેસના ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો ૪૭.૯૩/જીઝર હતી. આ કિંમતો ઘટાડવાની સાથે એવું કહેવામાં આવ્યું છે કે LNG ની કિંમતોમાં આવેલા ઘટાડાને કારણે તેનો ફાયદો ગ્રાહકો સુધી પહોંચાડવામાં માટે ગેસની કિંમતો માટે ઘટાડો કરવામાં આવ્યો છે. આ પહેલા એપ્રિલમાં ગુજરાત ગેસ દ્વારા ઈન્ડસ્ટ્રિયલ સેગમેન્ટમાં ઉપયોગ થવાવાળા નેચરલ ગેસના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. કંપનીએ ૧ મેથી કિંમતોમાં ૫ રુપિયાથી વધુનો ઘટાડો કર્યો હતો. આ પહેલા GPSC સમૂહની ગુજરાત ગેસ દ્વારા કોમર્શિયલ PNGની કિંમતોમાં ફેબ્રુઆરી મહિનામાં વધારો કર્યો હતો. ત્યારે પીએનજીની કિંમતો ૧.૫ રુપિયા પ્રતિ SCM વધારીને ૪૯.૫ રુપિયા કરવામાં આવી હતી. ગુજરાત ગેસ કંપનીએ તાજેતરમાં ૨૦૨૩ના ક્વાર્ટર ચારના પરિણામ જાહેર કર્યા હતા. જેમાં તેણે નફામાં ૧૬ ટકાનો ઘટાડો દર્શાવ્યો હતો.

અમદાવાદ એરપોર્ટ પર બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનું ભવ્ય સ્વાગત

સનાતન માટે જાગવાનો સમય આવી ગયો છે : ધીરેન્દ્ર શાસ્ત્રી

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ એરપોર્ટ પર બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનું આગમન થયું હતું. જેના આગમનને વધાવવ ભવ્ય સ્વાગત

કરવામાં આવ્યું હતું. લાંબા સમયના વિવાદ બાદ આજે બાગેશ્વર ધામના શાસ્ત્રી ગુજરાત આવી પહોંચ્યાં હતા અને તેઓ કોંગ્રેસ નેતા અરવિંદ ચૌહાણના ઘરે મહેમાન બન્યા હતા. મહત્વનું છે કે આજે વટવા ખાતે ધીરેન્દ્ર શાસ્ત્રી દેવકીનંદન ઠાકુરજીની કથામાં પ્રવચન આપવા કથા સ્થળે પહોંચી ગયા હતા. જ્યાં પ્રવચન શરુ થયું છે, આ અવસરે અમદાવાદની ધરતી પર પગ મૂકતાં જ ધીરેન્દ્ર શાસ્ત્રીએ સનાતન ધર્મને લઈ મોટું નિવેદન આપ્યું હતું. તેઓએ કહ્યું હતુ કે અમદાવાદ સરસ શહેર છે, શહેરની ધરતી પર દરેક સનાતની છે, કાયરો જ સનાતન માટે નહીં જાગે, સનાતન માટે જાગવાનો સમય આવી ગયો છે. અમદાવાદ સરસ શહેર છે, શહેરની ધરતી પર દરેક સનાતની છે, કાયરો જ સનાતન માટે નહીં જાગે, સનાતન માટે જાગવાનો સમય આવી ગયો છે. બીજી બાજુ ધીરેન્દ્ર શાસ્ત્રીના પ્રવચનને લઈને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ વટવા પહોચ્યા હતા. જ્યા પ્રદિપસિંહ જાડેજાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે છેલ્લા એક સપ્તાહથી વટવાના લોકોને શિવપુરાણ કથાનો લાભ મળી રહ્યો છે. ત્યારે હું પણ ધીરેન્દ્ર શાસ્ત્રીને સાંભળવા ખાસ આવ્યો છું. સાથે તેઓએ કોંગ્રેસના વિરોધને લઈ ટોણો મારતક કહ્યું કે ધીરેન્દ્ર શાસ્ત્રી દિવ્ય ભારત, ભવ્ય ભારતની વાત કરે છે તો વિરોધ કેમ? સાથે વિરોધ કરનારા લોકો કોણ છે? તેમ પણ પ્રદિપસિંહ જાડેજા એ સવાલ ઉઠાવ્યો હતો.

આઈપીએલ-૨૦૨૩ તેના અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. ફાઈનલમાં ટીમ ચેન્નાઈ સુપર કીંગ્સની ટીમ પહોંચી ચુકી છે ત્યારે એલીમીનેટર રાઉન્ડના અંતે લખનૌની ટીમનો મુંબઈની સામે પરાજય થતાં મુંબઈ અને ગુજરાતની ટીમ વચ્ચે મોટેરાના નરેન્દ્રમોદી સ્ટેડીયમ ખાતે બન્ને ટીમો વચ્ચે ફાઈનલમાં પ્રવેશ કરવા માટે મેચ રમાનાર છે. બન્ને ટીમોના ખેલાડીઓ અમદાવાદ પહોંચી ચુકયા છે ત્યારે કરો યા મરો સમાન મેચ માટે ખેલાડીઓ નેટ પ્રેકટીસ કરી રહયા હતા. તો બીજી તરફ ગુજરાતની ટીમની મેચ હોવાના કારણે સ્ટેડીયમ બહાર પણ ટીકીટ મેળવવા માટે ક્રિકેટ પ્રેમીઓએ ભીડ લગાવી દીધી હતી. તસ્વીરમાં આજે મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનાર મેચની પ્રેક્ટીસ કરી રહેલ ખેલાડીઓ દ્રશ્યમાન થાય છે.

ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું હતું કે ટ્રેનમાં દેહરાદૂન અને દિલ્હી વચ્ચે માત્ર પાંચ સ્ટોપેજ હશે. આ સ્ટોપેજમાં હરિદ્વાર, રૂરકી, સહારનપુર, મુઝફ્ફરનગર અને મેરઠનો સમાવેશ થાય છે. ટ્રેનની મહત્તમ સ્પીડ ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. આ ઉપરાંત સરેરાશ સ્પીડ ૬૩.૪૧ નક્કી કરવામાં આવી છે. ટ્રેનનું ભાડું પણ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાડું શતાબ્દી એક્સપ્રેસ કરતા ૧.૨ થી ૧.૩ ટકા વધુ હોઈ શકે છે. વંદે ભારત દેહરાદૂનથી દોડતી સૌથી ઝડપી ટ્રેન શતાબ્દી એક્સપ્રેસ કરતાં એક કલાક કરતાં ઓછા સમયમાં દિલ્હી પહોંચી જશે. જો કે શતાબ્દી એક્સપ્રેસ નવી દિલ્હી રેલ્વે સ્ટેશન સુધી ચલાવવામાં આવે છે. જ્યારે આ ટ્રેન ફક્ત આનંદ વિહાર સુધી જ જશે. આ ટ્રેન મુસાફરી માટે ૪ કલાક ૪૫ મિનિટ લેશે. આ વંદેભારત એક્સપ્રેસ ટ્રેન સવારે ૭ વાગ્યે દૂનથી નીકળીને સવારે ૧૧.૪૫ વાગ્યે આનંદ વિહાર રેલવે સ્ટેશન પહોંચશે. વંદે ભારત ગાઝિયાબાદ રેલવે સ્ટેશનથી ધીમી ગતિએ પસાર થશે.

રિવીઝન અનિવાર્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સારા પરિણામ માટે અભ્યાસમાં ધ્યાન કેન્દ્રીત કરવુ અનિવાર્ય છે. કિશોર ઈન્સ્ટિટ્યુટના માર્ગદર્શન સાથે રીવિઝન તેમજ વિકલી ટેસ્ટ અને મોડીરાત્રે પણ કોઈપણ અભ્યાસ લક્ષી મુશ્કેલની દુર કરવા માટે સંસ્થાના તજજ્ઞો ખડાપગે રહે છે જેના લીધે વિદ્યાર્થીને કોઈ તકલીફ પડતી નથી. કિશોર ઈન્સ્ટિયુટમાં અભ્યાસ કરતો કિશોરસિંહ રાજપુતનો પુત્ર યુવરાજસિંહ રાજપુતે પણ ધો -૧૦ માં ૫૬૧ ગુણ પ્રાપ્ત કર્યા છે. તેના જણાંવ્યા મુજબ પિતાની જેમ એક આદર્શ શિક્ષક બની શિક્ષિત અને તંદુરસ્ત સમાજના નિર્માણમાં યોગદાન આપવુ છે. યુવરાજસિંહને આઈ આઈ ટી માંથી એમ ટેક અને એમ બી એ કરવુ છે. પિતાની તારીફ કરતા યુવરાજસિંહ જણાંવે છે કે એક શિક્ષક તરીકેનો તેમનો રોલ અદભુત છે. ક્યારેય પ્રેશર આપતા નથી અને મારા મતે સારા પરિણામ માટે તેમના જેવા શિક્ષકનુ માર્ગદર્શન અત્યંત જરૂરી છે. માતા પ્રિયંકાબેન પણ અંગ્રેજી અને એસ એસ સહીતના વિષયની સતત માર્ગદર્શન આપતા હતા જયારે અજયસિંહ રાજપુત અને બલવંતસિંહ રાજપુત પણ વિષય નિષ્ણાંત તરીકે સતત માર્ગદર્શન પુરુ પાડ્યુ છે. જેના લીધે પરિણામ ઉજ્જવળ રહ્યુ છે. યુવરાજસિંહને મશીનરીના વિષયમાં વધુ રસ છે. ઓટોમોબાઈલ્સ , એરો સ્પેસ, એરો ક્રાફ્ટ સહીતના વિષય પર ડોક્યુમેન્ટ્રી નિહાળવાનુ તેમજ અભ્યાસ કરવાનુ પણ વિશેષ પસંદ છે. સેન્ટ ઝેવિયર્સના ધ્યાન દેસાઈના જણાંવ્યા મુજબ વિદ્યાર્થીઓ માટે કિશોરસર રાત ઉજગરા કરે છે. તેણે આગળ અભ્યાસ કરીને ડોકટર બનવુ છે. તેના પિતા વેટરનરી ડોકટર છે જયારે માતા આરતીબેન ગિયોડ પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. અન્ય એક વિદ્યાર્થી તિર્થ પિકેશભાઈ મોદીએ જણાંવ્યુ હતુ કે સારા પરિણામ માટે મહેનત સિવાય કોઈ વિકલ્પ નથી કિશોરસરના માર્ગદર્શનના લીધે ગણિતમાં ૯૯ ગુણ મેળવ્યા છે.

ભૂપેન્દ્ર પટેલે નવા સંસદ ભવનના લોકાર્પણ સમારોહના બહિષ્કારના નિર્ણયની આકરી નિંદા કરી

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેડા જિલ્લાના નડિયાદ સ્પોર્ટ્સ સંકુલ ખાતે સાંસદ ખેલ સ્પર્ધાના સમાપન કાર્યક્રમમાં જણાવ્યું કે, નવા સંસદ ભવનના લોકાર્પણ સમારોહના ૧૯ વિપક્ષી દળો દ્વારા બહિષ્કારનો નિર્ણય નિંદનીય છે. વિરોધ પક્ષોનું આ પગલું લોકતાંત્રિક મૂલ્યો અને સંવૈધાનિક માન્યતાઓ પર હુમલો છે. તા. ૨૮/૦૫/૨૦૨૩ના રોજ નવા સંસદ ભવનનું લોકાર્પણ નિશ્ચિત છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સંસદ ભવનના મૂલ્યો સંદર્ભે જણાવ્યું કે, લોકતંત્રમાં સંસદ એક પવિત્ર સંસ્થા છે તેમજ લોકશાહીના હૃદયના ધબકારા સમાન છે. સંસદ ભવનમાં દેશની નીતિઓ ઉપર નિર્ણય થાય છે. જેનાથી લોકોના જીવનમાં બદલાવ આવે છે. ભૂતકાળમાં વિપક્ષી દળોએ સંસદીય પ્રણાલી અને નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. દેશહિતમાં આયોજિત ય્જી વિશેષ સત્ર સહિતના ઘણા સત્રોનો વિપક્ષે બહિષ્કાર કર્યો છે. વિપક્ષ લોકતંત્રનું અપમાન કરતું આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વિપક્ષ દ્વારા અણછાજતા વિરોધની આ પ્રથમ ઘટના નથી, જ્યારે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથજી કોવિંદ રાષ્ટ્રપતિ બનવાના હતા ત્યારે વિપક્ષ દ્વારા સામાન્ય શિષ્ટાચારમાં પણ વિલંબ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને ભારત રત્ન એનાયત કરવાના પ્રસંગનો પણ વિપક્ષે વિરોધ કર્યો હતો. માનનીય દ્રૌપદી મુર્મુ જ્યારે રાષ્ટ્રપતિના પદ માટે નામાંકિત થયાં ત્યારે પણ વિપક્ષે વિરોધ પ્રગટ કરી તેઓનું અપમાન કર્યું હતું જે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમુદાયનું પણ અપમાન હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વિપક્ષ દેશની પ્રગતિશીલ યોજનાઓને વિરોધ કરી અટકાવે છે. વિપક્ષે રાજનીતિક મર્યાદાઓનું સ્તર નીચું લાવી ૧૪૦ કરોડ ભારતીયોનું અપમાન કર્યું છે જેને જનતા ક્યારેય ભૂલશે નહિ.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ૧૨ રમતવીરોને મેડલ અને પ્રમાણપત્ર એનાયત કર્યા

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખેડા જિલ્લામાં સાંસદ ખેલ સ્પર્ધા -૨૦૨૩ના સમાપન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ખેડા જિલ્લાના નડિયાદ સ્પોર્ટ્સ સંકુલ ખાતે સાંસદ ખેલ સ્પર્ધા અંતર્ગત જુદી જુદી સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચેલા ખેલાડીઓનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારની પ્રોત્સાહક સહાય રમતોના ખેલાડીઓને મળી રહે તેવા પ્રયત્નો હંમેશા કરવામાં આવ્યા છે. ખેડા જિલ્લો રમત-ગમત ક્ષેત્રે આગળ વધે તે માટે પણ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ